# ભાવનગર મહાનગરપાલિકા

**-: સીનીયર કલાર્કની સીધી ભરતી માટે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટના ઉમેદવારો માટે કોમ્પ્યુટર ટાઈપીંગની અગત્યની સુચનાઓ :-**

| કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટનાં કેન્દ્રનું નામ અને સરનામું | કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટની તારીખ | પરીક્ષા કેન્દ્ર ખાતે ઉપસ્થિત થવાનો સમય (રિપોર્ટીંગ સમય) | કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટનો સમય |
|---|---|---|---|
| શ્રી જ્ઞાનમંજરી ઇન્સટિટ્યુટ ઓફ ટેકનોલોજી સીદસર રોડ, ઇસ્કોન ૧૧ પાસે. ભાવનગર | તા.૨૮/૧૧/૨૦૨૧, રવિવાર | સવારે ૦૯-૦૦ કલાકે | સવારે ૧૦-૦૦ કલાકે |

1. ઉમેદવારોએ આ સાથેની તમામ સુચનાઓ ધ્યાનપુર્વક વાંચીને તેનો કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટ દરમ્યાન ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
2. આ કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટ ફક્ત કોમ્પ્યુટર ટાઈપીંગની આવડત નક્કી કરવા માટે લેવામાં આવનાર છે, તેમાં મેળવેલ માર્કસ ઉમેદવારનાં ફાયનલ મેરીટમાં ગણવામાં આવશે નહિ. પરંતુ, આ કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટ પાસ કરવી ફરજિયાત છે.
3. આ ટાઈપીંગ ટેસ્ટ પાસ કરનાર ઉમેદવારને જ તેનાં લેખિત પરીક્ષા બાદનાં નિયત થયેલ ફાયનલ મેરિટનાં આધારે નિયમોનુસાર જે-તે કેટેગરીમાં હાઈએસ્ટ મેરીટ મુજબ નિમણુંક આપવામાં કે ફાઇનલ મેરીટ લીસ્ટમાં રાખવામાં આવશે.
4. આ કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટમાં ગેરહાજર રહેનાર ઉમેદવારની ઉમેદવારી રદ ગણવામાં આવશે અને આ ભરતી આ જગ્યા પર તેઓનો કોઈ હક્ક-દાવો રહેશે નહિ, જેની ખાસ નોંધ લેવી.
5. આ કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટ / પરીક્ષાના કુલ બે ભાગ છે –
   (૧) ગુજરાતી ટાઈપીંગ (ગુજરાતી ઈન્ડીક / શ્રુતી ફોન્ટમાં) - સમય ૧૫ મિનીટ
   (૨) અંગ્રેજી ટાઈપીંગ - સમય ૧૫ મિનીટ
6. દરેક ટેસ્ટ માટે 15 મિનિટનો સમય મળશે.
7. બન્ને ટેસ્ટમાં ૪૦ % પાસીંગ માર્ક રાખવામાં આવેલ છે અને સ્કોરીંગ પેટર્ન નિચે મુજબ રહેશે –

**ઉદાહરણ તરીકે –**

| | |
|---|---|
| If, Total Master Key Strokes in the given Paragraph for typing = | 1766 |
| And Total Marks = | 20 |
| Then, Marks per Correct Key stroke = 20 / 1766 = | 0.011325 |

| Sr No | Roll No | Master Paragraph Key Strokes | Candidate Total Key Strokes | Error Key- strokes | Correct Key Strokes | Obtained Marks |
|---|---|---|---|---|---|---|
| (a) | (b) | (c) | (d) | (e) | (f) | (h) |
| | | | | | (d) – (e ) | **(f) x 0.011325** |
| 1 | 418 | 1766 | 1762 | 37 | 1725 | 19.535 |
| 2 | 6 | 1766 | 1771 | 77 | 1694 | 19.184 |
| 3 | 129 | 1766 | 1741 | 58 | 1683 | 19.059 |

8. ગુજરાતી અને અંગ્રેજી ટાઇપીંગ પ્રેક્ટીસ માટે લોગ-ઇન કર્યા પછી 5 મીનીટ નો પ્રેક્ટીસ સમય ફાળવવામાં આવેલ છે. જે સમય દરમ્યાન દરેક ઉમેદવારે ગુજરાતી ઇન્ડીક/શ્રુતિ ફોન્ટમાં પોતાના દ્વારા ઉપયોગ થનાર કી-બોર્ડ લેઆઉટ સિલેક્ટ કરી ચકાસણી કરી લેવી, અને સિસ્ટમના કી-બોર્ડ અને માઉસની પણ ચકાસણી કરી લેવાની રહેશે. પોતાની ટાઇપીંગની ભાષાને "Alt+Shift" કી ની મદદ થી અંગ્રેજી કે ગુજરાતી કરી શકે છે. જો તકલીફ લાગે તો નિરીક્ષકનું પરીક્ષા ચાલું થતા પહેલા ધ્યાન દોરવું. ગુજરાતી ભાષા માટે ફોન્ટ શ્રુતી સોફ્ટવેરમાં ; (1) Gujarati Transliteration, (2) Gujarati Typewriter, (3) Gujarati Typewriter (G), (4) Gujarati Inscript, (5) Gujarati Indica, (6) Remigntan Indica, (7) Special Characters તથા (8) Gujarati Terafont એ મુજબનાં આઠ (૮) કી-બોર્ડ ઉપલબ્ધ છે.
9. ગુજરાતી અને અંગ્રેજી ટાઈપીંગમાં પ્રશ્ન ફકરો કોમ્પ્યુટર સ્ક્રીનના ઉપરના અડધા ભાગમાં આપવામાં આવશે. જેને જોઈને તેની નીચે આપેલ સ્ક્રીનમાં ટાઈપીંગ કરવાનું રહેશે. ફકરાની પ્રિન્ટ આઉટ આપવામાં આવશે નહીં. ગુજરાતી ટાઈપીંગ પરીક્ષા શરૂ થતા પહેલા દરેક ઉમેદવારે ગુજરાતી ભાષા Indic સોફ્ટવેરથી સિલેક્ટ કરીને અને પ્રેક્ટીસ સમય દરમ્યાન સિલેક્ટ કરેલ કી-બોર્ડ લેઆઉટ, સિલેક્ટ છે તેની ચકાસણી કરી તૈયાર રહેવું. પરીક્ષા દરમ્યાન ઉમેદવારને આપેલ મર્યાદીત સમય દરમ્યાન ટાઈપીંગ કરેલ ફકરાને એડિટ કરી શકશે. પરીક્ષાનો ૧૫ મિનીટનો સમય પૂર્ણ થયા બાદ કે સબમિટ કરી દીધા પછી ઉમેદવાર દ્વારા ટાઈપ કરેલ ફકરાનો પ્રિવ્યુ જોઈને પોતાના પાસવર્ડથી કન્ફર્મ કરતા, ટાઈપીંગ પરીક્ષા પૂર્ણ થશે. જો ઉમેદવાર પોતાના પાસવર્ડ થી કન્ફર્મ નહી કરે તો 1 મિનીટમાં ઓટોમેટિક કન્ફર્મ થઈ જશે.
10. ગુજરાતી અને અંગ્રેજી ટાઈપીંગની પરીક્ષા વચ્ચે 2 મિનીટનો વેઇટીંગ સમય રહેશે.
11. ઉમેદવારે પરીક્ષા સોફ્ટવેર સિવાય કોઈપણ સોફ્ટવેર પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લીધેલ હશે તો તે ગેરરીતી ગણાશે.

12. કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ઉપકરણ જેવા કે મોબાઇલ, બ્લુટ્રથ, કેલ્ક્યુલેટર, લેપટોપ, પેજર, આઈ-પેડ વગેરે પરીક્ષા ખંડમાં લઈ જવા દેવામાં આવશે નહી અને તેમ ન કરતા થતી ચૂકની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

13. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઉમેદવારે OJAS ની વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરેલ પ્રવેશપત્ર  તેમજ ઓળખ માટે ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ કે સ્કુલ/કોલેજનું ફોટાવાળુ ઓળખપત્ર, આધાર કાર્ડ પૈકી કોઈપણ એક સાથે રાખવાનું રહેશે, જે વર્ગ-નિરીક્ષક માંગે ત્યારે બતાવવાનું રહેશે.

14. ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર ખાતે સ્વખર્ચે હાજર થવાનુ રહેશે.

15. ઉમેદવારોએ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટ પાસ કરવાના રહેશે

16. દરેક ઉમેદવારે આ કોમ્પ્યુટર ટાઈપીંગ ટેસ્ટ  પ્રથમ પ્રયત્ને જ પાસ કરવાની રહેશે. જો કોઇ ઉમેદવાર પ્રથમ પ્રયત્ને પાસ કરવામાં નિષ્ફળ જશે તો તે ઉમેદવારને ભરતી પ્રકિયાની આગળની કાર્યવાહીમાં બોલવવામાં આવશે નહિ. અને તેમની ઉમેદવારી રદ ગણવામાં આવશે

17. ઉમેદવારે પરીક્ષા શરૂ થતા પહેલા અટેલે કે ૧૧:૪૫ કલાક પહેલા ઉમેદવારે પ્રવેશ મેળવવાનો રહેશે. ત્યાર પછીથી પ્રવેશ મળી શકશે નહી તથા આ બાબતે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

19 ટાઈપીંગ ટેસ્ટનું પરિણામ કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ આધારીત હોઇ, તેના રીચેકીંગ અંગેની કોઇ જ રજુઆત કે અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

20. આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા જણાશો તો શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશો.

21. કોલલેટર મેળવવા માત્રથી ઉમેદવારને નોકરી માટેનો કોઇ પણ પ્રકારનો અધિકાર મળી જતો નથી. આ કસોટી માટે આપવામાં આવેલ પ્રવેશ ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈને આધીન તથા પ્રોવિઝનલ રહેશે.

**<u>ખાસ નોંધ- માત્ર ને માત્ર પ્રોવિઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ કુલ-૬૦ ઉમેદવારોએ જ પ્રવેશપત્ર OJAS ની વેબસાઇટ ઉપર તા ૨૫/૧૧/૨૦૨૧ થી ૧૪:૦૦ કલાકે થી કોલ લેટેર ડાઉનલોડ કરવાના રહેશે</u>.**

-------